જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૦/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૯૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૨૨૦ લીટર દેશી દારૂ, ૯૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૧૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૧ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૩ કાર કબજે કરી હતી.તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૮૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૯૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૯૩/૨૦૨૬**

સેટેલાઈટઃ બીરવાબહેન વા/ઓ અપુર્વભાઇ ગાંધી (ઉ.વ.૪૭)(રહે.ઇન્દ્રપ્રસ્થ કદમ્બ, પ્રહલાદનગર, પીનાકલ બિઝનેશપાર્ક સામે, માણેકબાગ) એ તા.૨૨/૧૦/૨૦૨૬ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ડીસેમ્બર/૨૦૨૫ થી તા.૦૨/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન એસોન વિસ્ટા, પી.એસ.પી. હાઉસ પાસે ઇસ્કોન આંબલી રોડ ખાતે આરોપી (૧) મીહીર જીતેન્દ્રભાઇ પરીખ (રહે.શિવાલીક શિલ્પ, ઇસ્કોન ચાર રસ્તા પાસે, સેટેલાઇટ) (૨) ભુમિ હાર્દિક શાહ (રહે.કાવેરી સંગમ શિલજ ચાર રસ્તા થલતેજ) (૩) હેમરાજસિંહ વિક્રમસિંહ રાણા (રહે.સરસ્વતીપાર્ક વિભાગ–૧ નારાયણનગર સોસાયટી ખોડીયારનગર) અને નોટરી (૪) રાજેન્દ્ર આર.શાહ નાઓએ ભેગામળી બીરવાબહેનને સોના પર ૨% લેખે માસીક વળતર આપવાનો ભરોસો આપી નોટરી રાજેન્દ્ર આર.શાહ દ્વારા મોનીશ રશ્મીનભાઇ ગાંધીના નામના ખોટી સહી તથા અંગુઠાના નિશાનવાળા રૂપિયા ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સમજુતી કરાર તૈયાર કરી બીરવાબહેન પાસેથી ૧૩૦૦ ગ્રામ સોનાના બિસ્કીટ કિંમત રૂપિયા ૧,૭૪,૪૬,૦૦૦/– મેળવી લઇ, પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ચૌધરી ચલાવે છે.

સાબરમતીઃ મહેશકુમાર જગદીશભાઇ સોની (ઉ.વ.૪૨)(રહે.અવની એપાર્ટમેન્ટ, કેશવનગર, રાણીપ) એ તા.૨૨/૧૦/૨૦૨૬ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ સાબરમતી અચેર, ઠાકોરવાસ પાસે આવેલ મહેશકુમાર સોનીની "ભગવતી જવેલર્સ" ખાતેથી આરોપી મુકેશસિંહ દિપસિંહ રાઠોડ (જેના સરનામાની ખબર નથી) એ મહેશકુમાર સોનીના પુત્ર સાથે મિત્રતા કરી, સોનાની રૂદ્રાક્ષની માળા કિંમત રૂપિયા ૩,૨૦,૨૯૦/– અને કૃષ્ણ ભગવાનની નાની મુર્તીવાળી માળા કિંમત રૂપિયા ૨૭,૩૮૪/– ૨૨ કેરેટમા બનાવવા ઓર્ડર આપી, એક અઠવાડીયામાં રૂપિયા આપવાની ખાતરી અને વિશ્વાસ આપી સોનાની બંને માળાઓ લઈ જતા અવાર–નવાર રૂપિયાની માંગણી કરતા તે પૈકી રૂપિયા ૯૫,૦૦૦/– ચુકવી બાકી નિકળતા રૂપિયા ૨,૫૨,૬૭૪/– આજદિન સુધી નહી ચુકવી મહેશકુમાર સોની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

ક્રાઇમ બ્રાંચઃ (૧) તેજસભાઇ મગનભાઇ પટેલ (રહે. સહજાનંદબાગ માધવ ફાર્મ પાછળ સત્સંગ વિલા પાસે વસ્ત્રાલ) એ તા.૨૨/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે જાન્યુઆરી/૨૦૨૫ થી તા.૦૯/૦૪/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાલ એસ પી રીંગ રોડ આર.એ.એફ કંપની સામે પુરોહિતની પોળની ઉપર અક્ષરધામ હાઇટમાં આવેલ ઓફીસ ખાતે આરોપી (૧) મયુરભાઇ પ્રમોદસિંગ રાજપુત અને (૨) માધવ પ્રમોદસિંગ રાજપુત (રહે, ભવાની પાર્ક હોક્કો ઇટરી સામે રતનપુરા ગામ સામે વસ્ત્રાલ રોડ વસ્ત્રાલ) એ ભેગામળી એ.આઈ.ની મદદ થી ખુબજ સારા સર્ચ એન્જીન તથા એ.આઈ. એજન્ટ બોટ તથા એપ્લીકેશનો તથા સોફટવેરો બનાવતા હોવાનુ કહી, તેજસભાઇ પટેલ તથા તેમના મિત્રોને મોટું કમિશન અને વધુ નફો આપવાની લાલચ આપી તેજસભાઇ પાસેથી રૂપિયા ૫૮,૦૫,૦૦૦/– તથા તેજસભાઇના મિત્ર પાસેથી રૂપિયા ૪૯,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૦૭,૫૫,૦૦૦/– મેળવી લઇ રૂપિયા પરત નહી આપી ઓફિસ બંધ કરી નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

ક્રાઇમ બ્રાંચઃ (૨) સંજયભાઇ લાલજીભાઈ ગુમા (ઉ.વ.૪૬)(રહે.વિનસ અલ્ટીમા, હેબતપુર, થલતેજ) એ તા.૨૨/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૪/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સંજયભાઇ ગુમાની વટવા જી.આઈ.ડી.સી ફેસ–૨, "સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઈઝ" નામની મેન્યુફેક્ચરીંગ અને ટ્રેડીંગ કંપની ખાતેથી આરોપી ભાનુપ્રસાદ મોતીલાલ પટેલ (રહે.વિજયપાર્ક સોસાયટી, ગોરના કુવા પાસે, ચેહર માતાના મંદીરની બાજુમાં, મણીનગર) એ અલગ–અલગ બીલોથી કેમીકલ ખરીદ કરી, બીલો મુજબ થોડી–થોડી રકમ ચુકવી આરોપીની એટેક્ષ કેમીકલ ઇન્ડસ્ટ્રીઝે સંજયભાઇ ગુમાની ટ્રેડીંગ કંપની પાસેથી ખરીદેલ કેમીકલનુ પ્રોસેસ કરી અલગ–અલગ ડાઈસ બનાવી તે ડાઈસનુ ટ્રેડીંગ કરી, તેના નાંણા મેળવી લઈ, પોતાના અંગત ઉપયોગમાં વાપરી લઈ, સંજયભાઇ ગુમાની કંપનીના લેણા રૂપિયા ૧૮,૦૩,૯૯,૮૧૭/– અવાર–નવાર ઉઘરાણી કરવા છતા આજદિન સુધી નહી ચુકવી સંજયભાઇ ગુમા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.ડી.સિસોદીયા ચલાવે છે.

નવરંગપુરાઃ દેવાંગભાઇ દિલીપભાઈ ઉપાધ્યાય (ઉ.વ.૫૦)(રહે.કૃષ્ણધામ આવાસ યોજના કો.ઓ.હા. સોસાયટી વેજલપુર) એ તા.૨૨/૧૦/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૨/૨૦૨૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા આશ્રમરોડ રત્ના બિઝનેશ સ્કેવર કોમ્પલેક્ષ, "મહંત ટ્રાવેલ્સ" નામની દેવાંગભાઇ ઉપાધ્યાય નાઓની ઓફીસ ખાતે આરોપી ધવલ મહેંદ્રકુમાર દોશી (રહે. શિવમ એપાર્ટમેન્ટ ઘોળકીયા ગાર્ડન સામે, કતાર ગામ, સુરત) એ મુલાકાત કરી, દેવાંગભાઇ તથા તેમના ગ્રાહકોને સસ્તામાં ફીનલેન્ડના વર્ક પરમીટના વિઝા કરાવી અપાવવાનો વિશ્વાસ અપાવી, દેવાંગભાઇ પાસેથી કુલ રૂપિયા ૧૨,૧૦,૩૦૦/– મેળવી લઈ, દિલ્હી ખાતે જવાની એર ટીકીટ તથા અન્ય ડોક્યુમેન્ટો મોકલી આપી દેવાંગભાઇ તથા તેમના ગ્રાહકોની કોઈ વર્ક પરમીટ નહી કરી આપી તેમજ તેઓએ આપેલ ડોક્યુમેન્ટ ખોટા હોવા છતા તેનો ખરા તરીકે ઉપયોગ કરી આપેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

સરદારનગરઃ મંજુશ્રી વા/ઓ દુર્ગાચરણસિંહ રાજપુત (ઉ.વ.૬૦)(રહે, ગોપાલપાર્ક ન્યુ "જી" વોર્ડ, માયા સિનેમા રોડ) એ તા.૨૨/૧૦/૨૦૨૬ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૬ થી તા.૨૧/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ડૉ.શ્રીની અપોઇન્ટમેન્ટ બુક કરવાના બહાને મોબાઇલ નંબર ૯૩૬૬૯૮૪૦૩૩ તથા વોટ્સએપ મોબાઇલ નંબર ૮૭૬૪૪૦૦૧૭૭ ના ધારકે મંજુશ્રી રાજપુતાના મોબાઇલ ફોનમાં appartment_booking_FUD.apk નામની એ.પી.કે ફાઇલ મોકલી, અપોઇન્ટમેન્ટ ફોર્મ ફિલઅપ કરવાના બહાને ફાઇલ ઇન્સ્ટોલ કરાવી, મંજુશ્રી રાજપુતના મોબાઇલ ફોનના કોલ તથા મેસેજ અજાણ્યા મોબાઇલ નંબર ૮૨૪૦૮૭૫૭૦૬ ઉપર ફોરવર્ડ કરી, મંજુશ્રી રાજપુતના એક્સીસ બેંકના ખાતામાંથી અલગ–અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂપિયા ૪,૩૨,૩૦૩/– ટ્રાન્સફર કરી લઈ મંજુશ્રી રાજપુત સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.ગોહિલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૪૯૪/૨૦૨૬**

સેટેલાઈટઃ હેતલબહેન કીર્તીભાઈ શાહ (ઉ.વ.૫૮)(રહે.આશાવરી ટાવર, વાઈડ એન્ગલ સિનેમા પાછળ, ઈસ્કોન ચાર રસ્તા પાસે સેટેલાઈટ) એ તા.૨૨/૧૦/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૦/૨૦૨૬ રાતના૧૦/૦૦ થી તા.૧૪/૧૦/૨૬ રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન હેતલબહેન શાહના ઘરે ઘરકામ કરતા ઘરઘાટી દક્ષાકુમારી ડો/ઓ વાસુદેવભાઈ રોત (રહે. વોર્ડ નં–૯ મુકામ–ભીલવા પંચેલા ,પોસ્ટ–બેડા બેરા ડુંગરપુર રાજસ્થાન) તથા તેની સાથે રહેતી નિલમ ડો/ઓ રામલાલ કલાશ્વા (રહે. મુકામ ટપલારા, રામપુર બીયોલા પો.સ્ટ: પીપલાડા ડુંગરપુર રાજસ્થાન) નાઓએ ભેગામળી હેતલબહેન શાહના ઘરના બેડરૂમમાં આવેલ લાકડાના કબાટના ડ્રોઅરમાંથી (૧) સોનાનો કંદોરો કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/– (૨)ડાયમંડની બુટી નંગ–૧ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/ (૩) સોનાની વીંટી કિમત રૂપિયા ૫૦,૦૦૦/ અને (૪) રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬,૦૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.એસ.ચુડાસમા ચલાવે છે.

ઉંચાઇથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૪૯૫/૨૦૨૬**

વટવા જીઆઈડીસીઃ વટવા ચાર માળીયા ખાતે રહેતા અને મજુરી કામ કરતા અવધેશકુમાર કનૈયાલાલ રાજભર (ઉ.વ.૨૩) (મુળ વતન. ગામ–ચંદનપુર મેઘલા પોસ્ટ–ખસાહા થાના–રામગાવ તા–મહસી જી–બારહાઇચ ઉત્તર પ્રદેશ) નાઓ શ્રી શક્તિ સૌર એન્વાયરમેન્ટ પ્રા.લી. કંપની ફેઝ–૨ વટવા જીઆઈડીસી કંપની ખાતે પતરા લગાવવાનું કામ કરતા હતા ત્યારે તા.૨૧/૧૦/૨૦૨૬ બપોરના ૦૪/૦૦ વાગ્યાના સુમારે પતરૂં તુટી જતા અવધેશકુમાર આશરે પાત્રીસ ફુટ થી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એસ.સુતરીઆ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૯૬/૨૦૨૬**

સાબરમતીઃ રજનીબહેન વા/ઓ નિલેશભાઈ રાજપુત (ઉ.વ.૪૩) (રહે. ક્રિષ્ણા–૯૯ તેજેન્દ્રનગર–૭ નજીક ત્રાગડ) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી ૧૧/૫૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને ચાંદખેડા અર્બન હેલ્થ સેન્ટર ખતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એચ. ચૌધરી ચલાવે છે.

નરોડાઃ નરોડા નાના ચિલોડા સંજયનગરના છાપરા વિભાગ–૦૩ ખાતે રહેત મંજીતસિંહ રામબચનસિંહ પટેલ (ઉ.વ.૨૩) (મુળ વતન. ગામ–પટના પોસ્ટ–હાજીપુર થાના–રૌનપાર તા–સગડી જી–આજમગઢ ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૬ સવારના ૦૮/૧૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ રામાભાઇ ચલાવે છે.

બાપુનગરઃ મયુરકુમાર ગોવિંદભાઇ પરમાર (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ ડી ૧૯ દવાખાના સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૬ કલાક ૧૨/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.કે.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી